# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૩ તા.૧૧-૦૬-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષયઃ- **"કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩"ના આયોજન બાબત.**

સંદર્ભ :- નિયામકશ્રી, પ્રા.શિ., ગુ.રા., ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/ચ/૧/પ્રવેશોત્સવ/૨૩-૨૪/૨૬૪૨-૯૪, તા.૧૧-૦૬-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રથી માન. નિયામકશ્રી પ્રા.શિ દ્વારા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ સંદર્ભે આપવામાં આવેલી સુચનાઓ અન્વયે તમામ મ્યુનિ. શાળાઓએ નીચે મુજબની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

૧. બિપરજોય વાવાઝોડાની અસરના પરિણામે શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ તારીખ ૧૨ અને ૧૩ જૂન ૨૦૨૩ના રોજ કરવાનો રહેશે.
૨. સ્કૂલ બોર્ડના પરિપત્ર નં-૨૨, તા.૦૯-૦૬-૨૦૨૩ ના રોજથી આપવામાં આવેલા શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ પૈકી તા.૧૪-૦૬-૨૦૨૩ ના રોજ જે શાળાઓમાં પ્રવેશોત્સવ યોજાવાનો છે તે શાળાઓએ તા.૧૩-૦૬-૨૦૨૩ ના રોજ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ સ્થાનિક શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.) ની ઉપસ્થિતિમાં સવારે ૮.૦૦ કલાકે કરવાનો રહેશે.
૩. તમામ શાળાઓએ શાળાઓમાં યોજાનાર ક્લસ્ટર રિવ્યુના સ્થાને યુઆરસી કક્ષાએ તા.૧૩ જૂનના રોજ રિવ્યુ કરવાના રહેશે.
૪. રૂટના તમામ લાયઝનશ્રીએ પોતાના રૂટના અધિકારીને નવા આયોજનની જાણ કરવાની રહેશે.
૫. શાળા કક્ષાએ વાવાઝોડા સંદર્ભે લાઈટ, પંખા, વૃક્ષો, શેડ તેમજ આસપાસના પરિસરમાં જ કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે અગમચેતીના પગલાં લેવાના રહેશે.
૬. શાળાના પરિસરમાં અને ધાબા ઉપર પાણી ન ભરાય તે બાબતે અગાઉ કરેલ પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.
૭. બિપરજોય વાવાઝોડા સંદર્ભે શાળા કક્ષાએ બનાવેલ શાળા સલામતી પ્લાનનો ચૂસ્ત અમલ કરવાનો રહેશે.

તા.૧૧-૦૬-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

**By-Email**

**શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩**

**તાત્કાલિક/અગત્યનું**

**ક:પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૨૩-૨૪/૨૬૪૨-૯૪**

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.૧૧/૦૬/૨૦૨૩

**પ્રતિ,**

-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
-શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય: વર્ષ ૨૦૨૩-૨૪ના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના આયોજન બાબત.**

**સંદર્ભ:** શિક્ષણ વિભાગના પત્રક:પીઆરઇ/૧૧૨૦૨૩/સિં.ફા.-૦૪/ક, તા.૧૧/૦૬/૨૦૨૩.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભ હેઠળના પત્રથી જણાવ્યા અનુસાર તા.૧૧/૦૬/૨૦૨૩ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે માન.મુખ્યમંત્રીશ્રી, માન.મુખ્યસચિવશ્રી તથા રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં SEOC, ગાંધીનગર ખાતે આગામી સમયમાં આવનાર "બિપરજોય" વાવાઝોડાની સંભવિત અસર અંગે વિચાર વિમર્શ કરવા બેઠક યોજવામાં આવેલ હતી. તેમાં તા.૧૨ જૂન થી ૧૪ જૂન ૨૦૨૩ના રોજ આયોજીત શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ કેવી રીતે કરવો? તે અંગે પણ ચર્ચા કરવામાં આવેલ. જેમાં નીચે મુજબ નિર્ણય થયેલ છે.

૧. બિપરજોય વાવાઝોડાની અસર જે જિલ્લાઓમાં થવાની વિશેષ સંભાવના છે. તેવા દેવભૂમિ દ્વારકા, જામનગર, જૂનાગઢ, પોરબંદર, મોરબી અને કચ્છ જિલ્લાઓમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ હાલ પૂરતો મોકૂફ રાખવાનો નિર્ણય કરવામાં આવેલ છે. તે જિલ્લાઓ માટે હવે પછી શાળા પ્રવેશોત્સવની તારીખો જાહેર કરવામાં આવશે.

૨. તેથી દેવભૂમિ દ્વારકા, જામનગર, જૂનાગઢ, પોરબંદર, મોરબી અને કચ્છ જિલ્લાઓમાં રાજયકક્ષાએથી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં જનાર પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓએ જવાનું રહેશે નહી.

૩. બાકીના જિલ્લાઓમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ તા.૧૨ અને ૧૩ જૂન ૨૦૨૩ એમ બે દિવસ દરમ્યાન યોજાશે.

૪. હાલના આયોજન મુજબ જે શાળાઓમાં ૧૪ જૂન ૨૦૨૩ના રોજ યોજાનાર શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના રૂટની ફાળવણી કરવામાં આવેલ છે. તે શાળાઓના રૂટ પર તા.૧૨ અને ૧૩ જૂન ૨૦૨૩ દરમ્યાન સ્થાનિક શાળા વ્યવસ્થાપન સમિતિ(એસ.એમ.સી.) મારફતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ પૂર્ણ કરવાનો રહેશે.

૫. અન્ય જિલ્લાઓમાં રાજ્ય કક્ષાએથી જનાર અધિકારીશ્રીઓ પૈકી જે અધિકારીશ્રીઓને "બિપરજોય" વાવાઝોડા સંદર્ભે આગોતરા આયોજનની કામગીરી કરવાની થતી હોય અને તેઓ જઇ શકે તેમ ન હોય તો તેઓશ્રીએ મુખ્ય સચિવશ્રીને જાણ કરવાની રહેશે.

૬. પ્રવેશોત્સવ કાર્યક્રમમાં આપના જિલ્લા/નગરની ફાળવણી થયેલ હોય તે મહાનુભાવોને ઉપરોકત બાબતોથી અવગત કરવા અંગે આપની કક્ષાએથી તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૭. બિપરજોય વાવાઝોડાની અસર સિવાયના જિલ્લા/નગરમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમ્યાન તા.૧૨ જૂન ૨૦૨૩ના રોજ કલ્સ્ટર રિવ્યું તથા તા.૧૩ જૂન ૨૦૨૩ના રોજ કલ્સ્ટર રિવ્યુંના બદલે "બ્લોક" રિવ્યું કરવાનો રહેશે.

**બિડાણ**-ઉપર મુજબ

**નિયામક**
**પ્રાથમિક શિક્ષણ**
**ગુ.રા. ગાંધીનગર**

**નકલ સવિનય રવાના**

-સંયુકત સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર